# ઉત્તર ભારતમાં પુનઃ ભૂકંપથી ખળભળાટ

## ૫.૮ની તીવ્રતાના ભૂકંપથી ઉત્તર ભારત હચમચ્યુ : હિમાચલ પ્રદેશમાં ૩૦ સેકન્ડ સુધી ભૂંકપનો અનુભવ થયો

નવી દિલ્હી,તા. ૧

ઉત્તર ભારતના ઘણા ભાગો તથા જમ્મુ કાશ્મીરમાં આજે ફરી એકવાર ભૂંકપનો આંચકો અનુભવાયો હતો જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં ઇમારતો અને મકાનોમાં તિરાડો પડી ગઈ હતી.

લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ લોકોએ આંચકો અનુભવ્યો હતો. બુધવારે બપોરે આવેલા આ આંચકાને કારણે અફડાતફડી રહી હતી. જાનમાલના અથવા તો ઇજાના કોઈ સમાચાર મળ્યા નથી પરંતુ જમ્મુ કાશ્મીરમાં ભદરવામાં બે સ્કૂલો સહિત કેટલીક ઇમારતોને આંશિક નુકસાન થયુ હતુ. બપોરે ૧૨.૨૭ વાગ્યાની આસપાસ રિકટર સ્કેલ પર ૫.૮ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. જમ્મુ કાશ્મીરમાં ભદરવા ખાતે ભૂકંપનું કેન્દ્ર હોવાનું ભૂંકપ સાથે સંબંધિત વિભાગે જણાવ્યું હતુ. આંચકો જમીનથી ૧૫ કિલોમીટર



નીચે હોવાથી તેની અસર ઓછી દેખાઈ હતી. હિમાચલ પ્રદેશ, પંજાબ અને હરિયાણામાં લોકોએ આંચકો અનુભવ્યો હતો. હિમાચલ પ્રદેશમાં ૩૦ સેકન્ડ સુધી આનો અનુભવ થયો હતો.

લાહોલ અને સ્પિતીના આદિવાસી વિસ્તારોમાં પણ લોકોએ આનો અનુભવ કર્યો હતો. ગઈકાલે રિક્ટર સ્કેલ પર ૪.૩ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો અને જમ્મુ કાશ્મીરમાં ડોડા જિલ્લાના આસપાસના વિસ્તારો આના લીધે હચમચી ઉઠ્યા હતા. સતત બીજા દિવસે આજે જમ્મુ કાશ્મીરના ભાગોને ભૂકંપે હચમચાવ્યા હતા. રાષ્ટ્રીય પાટનગર અને આસપાસના વિસ્તારોમાં પખવાડિયાના ગાળામાં જ ત્રીજો આંચકો આવ્યો છે. પાટનગર દિલ્હી, ગુડગાવ અને નોઈડામાં ૨૦-૨૫ સેકન્ડ સુધી તેની અસર જોવા મળી હતી. ૨૪મી એપ્રિલના દિવસે રિક્ટર સ્કેલ પર ૫.૭ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો.

આનું મુખ્ય કેન્દ્ર દક્ષિણી અફઘાનિસ્તાનમાં નોંધાયુ હતુ. ૧૬મી એપ્રિલના દિવસે પાકિસ્તાન-ઇરાનની સરહદ પર ૭.૮ની તીવ્રતાનો પ્રચંડ આંચકો આવ્યો હતો જેની સીધી અસર ભારતના તમામ શહેરોમાં નોંધાઈ હતી જેમાં ગુજરાતના અમદાવાદનો પણ સમાવેશ થાય છે. ઇરાનમાં આ ભૂંકપના કારણે મોટી ખુવારી થઈ હતી. પાકિસ્તાનમાં પણ ૪૦થી વધુ લોકોના મોત થયા હતા.

## મુંબઈ મેટ્રોના ટ્રાયલ રનની શરૂઆત કરાઈ

મુંબઈ,તા. ૧

આમચી મુંબઈ હવે વધુ એક નવી સિદ્ધિ મેળવવાની દિશામાં છે. મુંબઈ મેટ્રો વાસ્તવિકતાની બિલકુલ નજીક છે. પ્રથમ ટ્રાયલ રનની આજે શરૂઆત થઈ હતી. મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણ અને રાજ્ય સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ટ્રેનમાં બેઠા હતા. વરસોવા કાર ડીપો અને આઝાદનગર મેટ્રો સ્ટેશન વચ્ચે ત્રણ કિલોમીટરના પટ્ટામાં ટ્રાયલ રનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. એકંદરે ૧૧.૪ કિલોમીટર લાંબી વરસોવા-અંધેરી ઘાટકોપર મુંબઈ મેટ્રો લાઈનમાં ૧૨ સ્ટેશનો આવશે જે પૈકી વરસોવા, ડીએનનગર, આઝાદનગર, અંધેરી, વેહ, ચકાલા, એરપોર્ટરોડ, મારોલ નાકા, સાકીનાકા, સુભાષનગર, અસલ્ફા અને ઘાટકોપરનો સમાવેશ થાય છે. ટ્રાયલ રન માટેની પ્રક્રિયા જુદી જુદી વ્યવસ્થાની ચકાસણીની ખાતરી કરવા ત્રણ મહિના સુધી ચાલશે. વ્યવસ્થાની સમગ્ર ચકાસણી કરી લેવામાં આવ્યા બાદ મેટ્રો ટ્રેનની શરૂઆત થશે. મેટ્રો રૂટ તબક્કામાં વાણિજ્ય ઓપરેશન માટે ખોલવામાં આવશે. વરસોવાથી એરપોર્ટ રોડ સુધી સાત કિલોમીટરના પટ્ટાને ઓગસ્ટ-સપ્ટેમ્બરી શરૂ કરાશે જ્યારે બાકીના પટ્ટાને ડિસેમ્બર ૨૦૧૩ સુધી શરૂ કરાશે. મુંબઈ મેટ્રો પ્રોજેક્ટ રિલાયન્સ ઇન્ફ્રા અને મુંબઈ મેટ્રો પોલીટન ડેવલોપમેન્ટ ઓથોરિટી વચ્ચે જોડાણ તરીકે છે.

### ચિંતનસભા (પાના નં. ૪ નું ચાલુ)

વ્યકિગત પ્રેમ રૂગણ સમાજમાં નિંદાકૂથલી, ઇર્ષ્યા અને ક્રૂરતાનો પ્રહાર વેઠલો જ રહ્યો છે. પંખીના ઉડ્ડયનના નિયમો ધરતી પરના ટ્રાફિક સિગ્નલના ઓશિયાળા નથી હોતા. વ્યક્તિગત ઉગેલા પ્રેમમાં વ્યક્તિ નિરપેક્ષ પ્રેમની શક્યતાની સુગંધ સચવાયેલી હોય છે. લગ્ન મંડપની ભીડથી અને બેંડવાજાના કોલાહલથી મુક્ત એવા લતામંડપમાં ઉગેલા પ્રેમમાં ભુવન વ્યાપ્ત પ્રેમની શક્યતા પડેલી હોય છે; શરત એટલી કે એ પ્રેમ સાચકલો હોવો જોઇએ. પતંગિયું સ્વભાવે આકાશગામી હોય છે પરંતુ એ ધરતી પર ઉગેલા પુષ્પનો મધુરસ પામીને જ પાંખો ફડફડાવતું હોય છે. પતંગિયું પુષ્પનાં સુગંધમય અસ્તિત્વનું બ્રહ્મનિર્વાણ છે. આપણો સમાજ પુષ્પ અને પ્રેમ પર બુલડોઝર ફેરવવા માટે જાણીતો છે.' પ્રસ્તુત ફકરામાં લગ્ન સંસ્થાની નબળાઇ સુપેરે વ્યક્ત થઇ છે. જીવન સનાતન છે, અને જે તે સમાજના કાયદાઓ સમયના કોચલામાંથી બહાર ન નીકળતા મર્યાદાઓ સભર હોય છે. આવતીકાલની વાત આજે કરનારને લોકોએ પાગલ અથવા પાગલ બનાવી દીધાના દાખલા બનતા જ રહ્યા છે.

'ગુણવંત શાહના વિચારોને કઇ નજરે જોઇ શકાય?' આવો પ્રશ્ન જ અસ્થાને છે, કારણ કે માનવજાતિનો ઇતિહાસ ખરેખર તો વિચારશક્તિનો ઇતિહાસ હોય છે. કોઇને ઉડવાનો વિચાર આવ્યો અને સમય જતાં વિમાન તૈયાર! કોઇને દૂર બેઠેલી વ્યક્તિને જોવાની ઇચ્છા થઇ અને ટેલિવીઝન તૈયાર! એમ જ ઇશ્વરને વિચાર માનવનું આધુનિક વ્યક્તિત્વ બનાવવાની ઇચ્છા થઇ અને તૈયાર કર્યા ગુણવંત શાહને.

ગુણવંત શાહ માત્ર વિચારશીલ લેખક હોત તો કદાચ આટલા સર્વપ્રિય ન બની શક્યા હોત. પણ તેમનામાં કર્મયોગની અનોખી લહેર વિનોભા ભાવે રૂપે જીવંત બની છે, ગાંધીજીની સાદગી ખાદી બની ફરકે છે, માતૃભાષા ગૌરવની વિચારયાત્રા પગલીઓ બની સમાજ જીવનની રગોમાં દોડતી જોવા મળે છે. તેમના સમાજજીવનને બોધ કરાવતી કોલમ એ ખરેખર તો કલમની આગળ તેમના જીવનકાર્યનો જ ચેતો વિસ્તાર છે. જેમ અમિતાભ બચ્ચન વિષે કહેવાય છે કે હજી તેમની ઉત્તમ અભિનયકલાની ફિલ્મ આવવાની બાકી છે, તેમ ગુણવંત શાહની ઉત્તમ વિચાર કલમનો કમાલનો સ્વાદ સમાજે ચાખવાનો બાકી છે.

## ચીની ઘૂસણખોરી મામલે મડાગાંઠ હજુ પણ અકબંધ

નવી દિલ્હી,તા. ૧

ચીનની ઘૂસણખોરીને લઈને ઊભા થયેલા જટિલ વિવાદને ઉકેલવામાં સફળતા મળી નથી. ઘૂસણખોરીના પ્રશ્ન ચીનનુ જિદ્દી વલણ યથાવત્ રહ્યું છે. ભારત હાલમાં નિસહાયની સ્થિતિમાં દેખાઈ રહ્યું છે. કારણ કે ભારત આક્રમક કાર્યવાહી કરીને ઘૂસણખોરીના વિવાદને ઉકેલવા ઈચ્છુક નથી. લડાખમાં ઘૂસેલા ચીની સૈનિકો હાલમાં પાછા ખસી જાય તેવી શક્યતા દેખાઈ રહી નથી. ભારત અને ચીન વચ્ચેની ત્રીજી ફ્લેગ મીટીંગ નિષ્ફળ રહ્યાના એક દિવસ બાદ ઉચ્ચસ્તરીય સૂત્રોએ દાવો કર્યો છે કે ચીની સૈનિકો પોતાના મોરચાથી ખસી જાય તેવી શક્યતા ઓછી છે. ચીનના આ વર્તનથી ભારતની ઊંઘ હરામ થયેલી છે. ભારતીય પ્રદેશની અંદર ચીની સૈનિકો અંદર સુધી ઘૂસી ગયા બાદ પાંચ જેટલા ટેન્ટ બનાવી ચૂક્યા છે. ચીની સૈનિકોના કઠોર વલણથી મડાગાઠ અકબંધ રહી છે. ભારતે ભારપૂર્વક કહ્યું છે કે ચીનના સૈનિકો જે વિસ્તારમાં ઘૂસેલા છે તેના વિસ્તાર તરીકે છે. ચીની સૈનિકોએ ૧૬ દિવસ અગાઉ દોલતબેગ ઓલ્ડી સેકટરમાં રાખીનુલ્લા વિસ્તારમાં ૧૯ કિલોમીટર સુધી અંદર ઘૂસી ગયા હતા. આ સ્થળે ઘણા ટેન્ટ પણ ઊભા કરી દીધા છે. વિદેશ મંત્રી સલમાન ખુરશીદ અંગ્રેજી ચેનલ સાથેની વાતચીતમાં કહી ચૂક્યા છે કે ચિંતા કરવાની કોઈપણ જરૂર નથી. વિવાદને ઉકેલવામાં સફળતા મળી જશે. અભિપ્રાયો જુદા જુદા છે. સંઘર્ષની કોઈ સ્થિતિ નથી. બીજી બાજુ લડાખમાં બ્રિગેડિયર સ્તરના અધિકારીઓની ત્રીજી ફ્લેગ મિટીંગ મળી હતી પરંતુ ઘૂસણખોરીના વિવાદને ઉકેલવામાં આને સફળતા મળી નથી.

આ મિટીંગ ત્રણ કલાકથી વધુ સમય સુધી ચાલી હતી પરંતુ મડાગાંઠ ઉકેલાઈ શકાઈ ન હતી. ચીનની માંગણી એ છે કે ભારતીય પૂર્વીય લડાખમાં સ્થાપિત કરેલા તેના માળખાને પહેલા ખસેડી લેવું જોઈએ. આમા ચાવીરૂપ સ્થળ ઉપર બનાવામાં આવેલા બંકરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વાસ્તવિક અંકુશ રેખાની નજીક બનાવવામાં આવેલા માર્ગોનો સમાવેશ થાય છે. મિટીંગ ભારતે વલણ સ્પષ્ટ કરતા કહ્યું હતું કે ભારતીય પ્રદેશમાંથી ચીની સૈનિકોની પીછેહટ બિનશરતી રીતે થવી જોઈએ. અગાઉના પ્રસંગે બંને દેશો વચ્ચે જે સમજૂતી થઈ હતી તે મુજબ પ્રક્રિયા થવી જોઈએ. સરંક્ષણ મંત્રી એ કે એન્ટોની યુનીફાઈડ કમાન્ડરોની પરિષદમાં કહી ચૂક્યા છે કે ભારત સુરક્ષાના મામલે કોઈ બાંધછોડ નહીં કરે. તેમને કહ્યું હતું કે તેના વિસ્તારોના હિતનું રક્ષણ કરવા તમામ પગલાં લેવાશે. ચીની સૈનિકો ટેન્ટ બનાવી ચૂક્યા છે અને ત્યાં જ રોકાયેલા છે. ત્રણ સૈનાઓના વડા અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનન સાથે એન્ટોની સુરક્ષા મિટીંગ યોજી ચૂક્યા છે. બંને પક્ષો વચ્ચે અગાઉ બે મિટીંગ યોજાઈ હતી જેમાં કોઈ પરિણામ મળ્યા ન હતા. ચીની સૈનિકોએ તેમની હાજરી વધારી છે. કારણ કે તેમને પુરવઠો પણ ટ્રક મારફતે મળી રહ્યો છે. ચીને ભારતીય સૈના દ્વારા એએલજી અને બંકરોના નિર્માણ મામલે વાંધો ઉઠાવ્યો છે. ભારતે પણ ચીની સૈનિકોની અવર જવર ઉપર નજર રાખવા આઈટીબીપી અને લડાખ સ્કોર્ટના જવાનો તૈનાત કર્યા છે.

**ધોનીના નેતૃત્વમાં ચેન્નાઈ ટેબલમાં પ્રથમ ક્રમે**

## આઈપીએલમાં આજે ચેન્નાઈ હોટ ફેવરિટ તરીકે જ ઉતરશે

ચેન્નાઈ,તા. ૧

ઈન્ડિયન પ્રિમિયર લીગમાં હવે રોમાંચક તબક્કાની શરૂઆત થઈ રહી છે. આવતીકાલે હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગમાં બે મેચો રમાશે જે પૈકીની પ્રથમ મેચ ચેન્નાઈ અને પંજાબ વચ્ચે રમાશે. ધોનીના નેતૃત્વમાં ચેન્નાઈ સુપરકિંગ્સ પોઈન્ટ ટેબલમાં ૧૦ મેચમાં આઠમાં જીત સાથે ૧૬ પોઈન્ટ ધરાવે છે જ્યારે પંજાબની ટીમ પોઈન્ટ ટેબલમાં ૯ મેચમાં ચારમાં જીત સાથે આઠ પોઈન્ટ ધરાવે છે. પ્રથમ મેચનું પ્રસારણ સાંજે ચાર વાગ્યાથી કરવામાં આવનાર છે. જ્યારે બીજી મેચ પૂણે અને બેંગ્લોર વચ્ચે રમાશે જેનું પ્રસારણ રાત્રે આઠ વાગ્યથી કરવામાં આવશે. ધોનીની ટીમ આવતીકાલની મેચમાં કિંગ્સઈલેવન પંજાબ સામે હોટફેવરિટ તરીકે દેખાઈ રહી છે. ધોનીની ટીમના તમામ સ્ટાર ખેલાડીઓ તેના દેખાવને જાળવી રાખવા માટે ઉત્સુક છે. માઈકલ હસી ધરખમ બેટ્સમેન તરીકે ઉભરીને આવ્યો છે. હસીએ ચેન્નાઈ સુપર તરફથી તમામ મેચોમાં શાનદાર બેટિંગ કરી પોતાની ટીમને જીત અપાવી છે જ્યારે બ્રાવો, રવિચંદ્ર અશ્વિન, સુરેશ રૈના, રવિન્દ્ર જાડેજા પણ ઉત્કૃષ્ટ દેખાવ કરી રહ્યા છે અને પોતાની ટીમને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા બજવી રહ્યા છે. મુરલીવિજય અને હસીની જોડી આઈપીએલમાં મજબુતરીતે ઉભરી છે. ધોની પોતે ખૂબ શાનદાર ફોર્મમાં છે. બીજી બાજુ કિંગ્સ ઈલેવન પંજાબની ટીમનો દેખાવ છેલ્લી મેચોમાં નબળો રહ્યો છે.

ટીમને સ્પર્ધામાં રહેવા આગામી મેચો જીતવી પડશે. આ ટીમમાં પણ મનપ્રિત ગોની, અઝહર મહેમૂદ, ભાર્ગવ ભટ્ટ, રેયાન હેરિસ જેવા સ્ટાર ખેલાડી છે. ડેવિડ હસી, સોન માર્સ, પ્રવિણ કુમાર પણ પોતાની ટીમનો સારો દેખાવ કરવા ઉત્સુક છે. બીજી મેચ રાત્રે આઠ વાગ્યાથી પૂણે અને બેંગ્લોર વચ્ચે રમાશે. બેંગ્લોરની ટીમ હોટફેવરિટ તરીકે છે. આ ટીમ ૧૦ મેચમાં છ જીત સાથે ૧૨ પોઈન્ટ ધરાવે છે. વિરાટ કોહલી, ક્રિસ ગેઈલ પર તમામની નજર રહેશે.

## સરબજીતસિંહની હાલત અત્યંત નાજુક

નવીદિલ્હી, તા.૧

પાકિસ્તાનની જેલમાં બંધ ભારતીય કેદી સરબજીતસિંહની હાલત દિવસે ને દિવસે અતિગંભીર બની રહી છે અને હવે તેનું બચવું અસંભવ લાગી રહ્યુંછે. ૪૫ કલાક જેટલો સમય વીતવા છતાં તેમની હાલતમાં કોઈપણ સુધારો દેખાતો નથી.

સરબજીતના માથામાં ત્રણ સેન્ટીમીટરનો લોહીનો એક ગઠ્ઠો (બ્લડ ક્લોટ) બન્યો છે જે દર્દીની સર્જરી માટેની જરૂરિયાત ગણવામાં આવે છે પરંતુ સરબજીતની શારીરિક હાલત સર્જરી કરી શકાય તેવી ન હોવાથી અત્યારે પણ તેઓ ડીપકોમામાં છે. મોતના બિછાને પડેલા સરબજીત અત્યારે ભારત અને પાકિસ્તાનના રાજનૈતિક સંબંધો વચ્ચે ફસાઈને રહી ગયો છે. પાક. સેનાએ તેને ૩૦ ઓગસ્ટ ૧૯૯૦માં પકડી લીધો હતો.

સરબજીતસિંહના પરિવારનું કહેવું છે કે, તેમને પાકિસ્તાની વિઝા આપવામાં આવ્યા તે પહેલાં જ સરબજીતનું મોત થઈ ચૂક્યું છે. રાષ્ટ્રીય અનુસૂચિતજાતિ આયોગના ઉપાધ્યક્ષ રાજકુમાર વીર્કનું કહેવું છે કે, સરબજીતનું મોત પહેલાંથી જ થઈ ચૂક્યું છે. પાકિસ્તાન સરકારે સરબજીતના પરિવારજનોને લાહોર બોલાવવાની પરમિશન આપવાનું અને તેનો ઈલાજ કરાવવાનું ખોટું નાટક કર્યું છે.

## રાજનાથ વડાપ્રધાનપદના સબળ દાવેદાર છે : વરૂણ

બરેલી,તા.૦૧

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના રાષ્ટ્રીય મહામંત્રી વરૂણ ગાંધીએ પાર્ટી દ્વારા યોજાયેલી સ્વાભિમાન રેલીમાં વિરોધીઓને આડેહાથ લીધા હતા. વરૂણે કહ્યું હતું કે, રાજનાથસિંહમાં અટલબિહારી વાજપેયીની છબી જોવા મળે છે. અને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં રાજનાથસિંહ જ વડાપ્રધાનપદના સબળ દાવેદાર છે.

વરૂણે બરેલીના અનાજમંડીના વિશાળ મેદાનમાં એકત્રિત થયેલ હજારો



કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે ઉત્તરપ્રદેશમાં માયાવતી અને ત્યારબાદ મુલાયમના શાસનમાં ભ્રષ્ટાચારનો વ્યાપ વધ્યો છે. અને સુવ્યવસ્થિતપણે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. આપણે એક બે લાખ કરોડના ભ્રષ્ટાચારની વાતો કરીએ છીએ કે ભ્રષ્ટાચારની આ રકમમાંથી હજારો સ્કુલો ખોલી શકાય છે અને હજારો બેરોજગારોને નોકરીઓ મળી શકે. બરેલીમાં આજે યોજાયેલી રેલી બાદ વરૂણ આગામી ચોથી મે થી લખનૌમાં ધરણાં કરશે.

આ પહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહે સમાજવાદી પાર્ટી સાથે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં બહુજન સમાજવાદી પક્ષ અને સમાજવાદી પાર્ટીના શાસનમાં ગુંડારાજના દર્શન થાય છે. બન્ને પક્ષની સરકારોમાં ગુનાઈત પ્રવૃત્તિઓ વધી છે.

રાજનાથે કેન્દ્ર સરકાર સામે પણ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સીબીઆઈના ડરને લીધે બસપા અને સપા કેન્દ્રને સમર્થન આપી રહ્યા છે. સપા કે બસપાએ સીબીઆઈનો ડર રાખ્યા વિના સમર્થન પાછું ખેંચી લેવું જોઈએ.

## મેક્સિકોમાં વિમાન તૂટી પડતાં ૭ લોકોનાં મૃત્યુ

જેનેકાટેક્સ, તા.૧

મેક્સિકોમાં એક સરકારી વિભાગના કાર્યાલયનું નાનું વિમાન ઉત્તર મેક્સિકો તરફ ઉડાણ ભરી રહ્યું હતું ત્યારે થોડા સમય પછી જ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું જેના કારણે ૭ લોકોનાં મોત નિપજ્યા હતાં જેમાં ત્રણ એજન્ટ અને ત્રણ વિમાનચાલકોનો સમાવેશ થાય છે. મેક્સિકોના એટર્ની જનરલ જિસસ મુરીલો કરામે તેમના એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બ્રીચક્રાફ્ટ થિંગએર-૩૦૦ ગઈકાલે બપોરે જેનકાટેક્સ રાજ્યની રાજધાનીથી ઉડાણ ભરીને ગયું હતું અને ત્યારબાદ ૧૦ મિનિટ બાદ જ તૂટી પડ્યુંહતું. આ દુર્ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. કરામના કહેવા મુજબ ત્રણ અધિકારીઓને માદક પદાર્થોના આરોપી એવા ત્રણ શંકાશીલ વ્યક્તિઓને પકડવા માટે સોમવારે રાજ્યની રાજધાની મોકલવામાંઆવ્યા હતાં. આ શંકાશીલ વ્યક્તિઓની ધરપકડ કર્યા બાદ ત્રણ સરકારી એજન્ટો મેક્સિકો જતા વિમાનમાંચડ્યા હતાં પરંતુ ટેકનિકલ ખરાબીના કારણે તેમનું વિમાન એરપોર્ટ પર પરત ફર્યું હતું. ત્યારબાદ તેઓ અન્ય એક વિમાનમાં બેઠા હતાં જેના ઉડ્યા બાદ તે તુરંત જ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું જેમાં ત્રણ આરોપીઓ સહિત ત્રણ અધિકારીઓ પણ માર્યા ગયા હતાં.

### જીવતચરા (પાના નં. ૪ નું ચાલુ)

ત્યાં સુધી કે પોતાની પરણેત્તર કરીને રાખેલી એ અપ્સરા જેવી બાઇને ખેતરના વાડાની બહાર નીકળવાની બંધી ફરમાવી દીધી... ખેતરને ખોળે વસંત બેઠી. દોલબાઇની કૂખે બબ્બે ફૂલ ખીલ્યાં. પ્રેમજીએ સમાજની પરવા કર્યા વગર એક નાનકડાં ઘરસંસારમાં મન પરોવી લીધું હતું. દોલબાઇ જેવી જીવન સંગિની મેળવીને એ ધન્ય થઇ ગયો હતો. દુનિયાના બધા વૈભવથી ચાર ચાસ ચડી જાય એવો વૈભવ એને કુદરતે સામે પગલે મોકલી આપ્યો હતો. પરંતુ દોલબાઇના કિસ્મતમાં એ સુખ લાંબુ ન ટક્યું. દશેક વરસમાં સાત ભવનું સાટું વાળી દઇ માધુ અને લવજીનો બાપ લાંબી જાતરાએ નીકળી પડ્યો... દોલબાઇની આંખોમાં ભડભડ બળતી ચેહનું દ્રશ્ય ભજવાતું હતું અને મંચ પર ઓચિંતુ જ એમનું નામ બોલાયું : મા, જોગમાયા! તમે તો જગત જનની અંબાનો અંશાવતાર. સગી આંખો બબ્બે વાર સેંથાનું સિંદૂર-ભૂંસાતું ભાળ્યું. હજી તો માંડ સાસરવાસો કર્યો હતો ત્યાં માથાના છત્ર સમો આંજણો કોગળિયાનો કળિયો બની ગયો. 'છપ્પરપગી' ગણીને પહેલી સાસરીવાળાંએ પિયરમાં ધકેલી દીધી, પિયરિયાંને તમારો તાપ ન જીરવાયો એટલે એવી નાજુક હાલતમાં તમને પારકે પાદર પધરાવી દીધા. પણ તમારૂં તપ આખરે આ ગામને ફળ્યું. ડગલે ને પગલે ઝેરનાં ઘૂંટડા ગળતાં ગયાં છતાં હાર્યાં નહીં. બેઉ દીકરાઓને કાળી મજૂરી કરીને ઉછેર્યા, ભણાવ્યા, પરણાવ્યા. બેઉ ભાઇ - જાણે રામ લખમણની જોડી. બાપની નાનમ ભાંગીને બેઉએ આભની ઊંચાઇ આંબી. સુખના દહાડા આવ્યા હતા ત્યાં વધુ એક કારમી પીડા ભોગવવાનો નોબત આવી. દુનિયાભરમાં ડંકો વગાડનારી દૂધ ડેરીનો રખેવાળ લવજી એક અકસ્માતમાં શહીદ થઇ ગયો. માધુ અને લવજીની જુગલજોડી ખંડિત થઇ ગઇ. નેવું વટાવી રહેલી મા માટે જુવાનજોધ કંધોતરની વસમી વિદાય જીરવવી અઘરી હતી, પણ મૂડી કરતાં વ્યાજ વહાલું ગણીને એ ઘા પણ ખમી લીધો...

- માતૃવંદનાનો વિધિ ચાલુ થઇ ગયો. ફૂલહાર અને શાલોનો ઢગ વળી ગયો હતો. વક્તાઓ એક પછી એક માતા અને માતૃત્વનો મહિમા કરી રહ્યાં હતા. કોઇએ એમને 'ગ્રામ માતા' કહી અને બિરદાવ્યાં તો કોઇએ ફૂલજોગણી કહી પોરસાવ્યા. ભડ ભડ ભડકે બળતાં દાવાનળ વચ્ચે તાજાં જન્મેલાં બચ્ચાંને પાંખોનું રક્ષાકવચ આપી ઊભીને ઊભી સળગી ગયેલી પંખિણીનું દ્રષ્ટાંત ચર્ચાયું. બચ્ચાંને રઝળતાં મેલીને પોતાનો જીવ બચાવી શકી હોય, પણ તો પછી 'મા' ના નામ પર ક્યારેક ના ભૂંસાય એવી કાળી ટીલી લાગી ગઇ હોય... જો એક પંખિણી માતાના ગૌરવ ખાતર જીવ આપી શકતી હોય તો દોલબાઇ તો અસ્ત્રી નો અવતાર. એ એની ફરજ થોડી ચૂકે!

... ત્રાણું વરસનાં દોલબાઇ માની જીવનચરાના ઓચ્છવને ગામ આખાએ પોતાનો પ્રસંગ ગણી રંગેચંગે ઉજવ્યો.

મગરોડા ગામના વગડામાં એકલી અટૂલી તરછોડાયેલી વલવલતી વૈદર્ભી એના તપોબળથી ગ્રામમાતાનું બિરૂદ પામી એનો ગામડા ગામની એ અભણ સ્ત્રીને મન કોઇ વિશેષ મહિમા નહોતો. હા, એના હૈયે એક વૈતરણી જેવી જિંદગીનાં ધસમસતાં વહેણમાં જીવતેજીવ પાર ઊતર્યાનો ધરવ જરૂર હતો.

(સત્ય ઘટના પર આધારિત)

## સમાચાર ઝલક

- અમૂલ દૂધમાં લીટરે બે રૂપિયાનો ભાવ વધારો.
- નાગપુર અને મુંબઇના જથ્થાબંધ વેપારીઓએ પાલેળો બંધ.
- દિલ્હીમાં મહિલા પોલીસે બળાત્કારનો આરોપ લગાવ્યો.
- કોરી અને માર્બલ ખાણો બંધ કરવાના કોર્ટનો આદેશ, હજ્જારો મજૂરો બેરોજગાર બનશે.
- સરબજીત સિંઘ સારવાર માટે લાહોર કોર્ટમાં રીટ કરાઇ.
- સજ્જનસિંહ ૧૯૮૪માં શીખ વિરોધી રમખાણોનાં આંદોલનમાં નિર્દોષ જાહેર થતાં શીખોનો ઉગ્ર દેખાવો.
- કાબૂલ વિમાન અકસ્માતમાં ૭નાં મોત.
- જૂનાગઢમાં એચ.આઇ.વી. તપાસ અર્થે ૧૪મી વાર મુલાકાત લેતી સીબીઆઇની ટીમ.
- આજે ગુજરાતનો ૫૩મો સ્થાપના દિન, પાટનગરમાં શાનદાર ઉજવણીનો કાર્યક્રમ.
- વિશ્વભરમાં મજૂર દિન ઉજવાયો.
- ભારતની જનસંખ્યા ૧૨૧ પહોંચી, સરકારે જાહેર કરેલો અહેવાલ.
- ઇરાકમાં અલગ અલગ જગ્યાએ આતંકવાદી હૂમલામાં ૨૦ થી વધુ વ્યક્તિઓનાં મોત.
- અમદાવાદમાં નવા નિયમોનો આજથી થનારો અમલ.
- ચીનની ઘૂસણખોરી અંગે કેબીનેટ મિટીંગમાં સરકારની ગંભીર ચર્ચા-વિચારણા.
- અમદાવાદ એરપોર્ટ પર ટેક્સી ચાલકોનો કોન્ટ્રાક્ટ રદ્દ થયો, લોકોની હેરાનગતિ.
- ડર્બનમાં ૧૬ વર્ષીય ભારતીય વિદ્યાર્થીની થયેલી હત્યા.
- આજથી રેલ્વે રિઝર્વેશનનાં નવા નિયમો અમલી બન્યા.
- ખેડૂતોને વેલ્ટ ટેક્સ લાગુ પડશે નહિ : નાણાં મંત્રી
- એડીશનલ સોલીસીટર જનરલ હરેશ રાવલે રાજીનામું ધરી દીધું.